॥ ॐ ह्रीँ श्रीँ अर्हं श्री शंખेश्वर पार्श्वनाथाय नमः ॥

પુસ્તક ૮

અહો ! શ્રુતજ્ઞાનમ્

સંકલન
શાહ બાબુલાલ સરેમલ

સંવત ૨૦૬૯ આસો સુદ-૫

'જ્ઞાન-ધ્યાન કિરિયા સાધતાં, કરંતા, કર્મનિકાલ' એવા પૂજ્ય સર્વ ગુરૂભગવંતોના શ્રીચરણોમાં શાહ બાબુલાલ સરેમલ બેડાવાળાની સાદર અનંતશઃ વંદનાવલી...

જિનશાસન એ વિશ્વશાસન છે. વિશ્વની ઉચ્ચત્તમ અને પવિત્રત્તમસંસ્થા છે. દરેક સંસ્થાની જેમ જિનશાસનનું પણ સાત ક્ષેત્રાદિનું વહીવટીય બંધારણીય માળખું શાસ્ત્રમર્યાદાબદ્ધ છે જ. વહીવટ ઉપરાંત કાર્યક્ષેત્રીય માળખું પણ વ્યવસ્થિત સુચારુ હોવું જરૂરી છે. જે બાબત કેટલાક મુદ્દા વિચારણીય છે.

(૧) શ્રી જૈન સંઘમાં થતા સંશોધન-સંપાદનની એક ચોક્કસ નિયત પધ્ધતિ હોવી જરૂરી છે. આપણા કેટલાક અતિમહેનતું, સુંદર સંશોધન-સંપાદનોને, આ પધ્ધતિને અભાવે ક્યારેક સ્કોલરો તેને અણઘડતામાં ખપાવતા હોય છે. સંશોધનાત્મક વિશિષ્ટ ગ્રંથો એક નિયત ફોર્મમાં જ સંશોધિત થાય તો યત્ર-તત્ર-સર્વત્ર સર્વગ્રાહી બની શકે. અનેક પરિબળોનો વિચાર કરીને એક મુદ્દાસરની સંશોધન પધ્ધતિ શ્રી જૈન સંઘના વિદ્વાનો સુધી પહોંચાડવી જરૂરી ગણાય.

(૨) જિનશાસનના વિદ્વાન શ્રમણ-શ્રમણીઓ દ્વારા સંશોધિત-સંપાદિત વિશિષ્ટ પ્રકાશનો(સ્તવન, સજ્જાય કે વ્યાખ્યાનની બુકો નહી) યુનિવર્સિટીઓ સુધી પહોંચાડવી જરૂરી છે. અને તો જ સાધુઓની ઉચ્ચત્તમ સક્ષમતા બાબત કહેવાતા ઉચ્ચ સ્કોલર વર્ગમાં જાગૃતિ ને અહોભાવ આવશે.

(૩) કેટલીક સરકારી કે અર્ધસરકારી સંસ્થાઓ કે જે જૈન સંઘની જ હસ્તપ્રતો વિ.ને આધારે સમૃદ્ધ થયેલ હોય છે. તેઓને આપણા પંચમહાવ્રતધારી, જ્ઞાની, વિદ્વાન, સંશોધનરત ગુરૂભગવંતો કરતાં પણ વિદેશી સ્કોલરો પ્રત્યે વિશેષ આદર, સત્કાર અને ભક્તિભાવ જણાતો હોય છે. મહાત્માઓ સંપર્ક કરી કરીને થાકી જાય તો'એ સફળતાનો વિકલ્પ રહે એવી તેમના માટેની સાર્વજનિક ફરીયાદો સંભળાતી હોય છે. જો ખરેખર આવું હોય તો તે એક પ્રકારનો સંઘદ્રોહ જ કહેવાય. આપણા ગુરૂભગવંતો તથા શ્રી સંઘોએ આ બાબત સક્રીય થવું જોઇએ.

(૪) જિનશાસનમાં ઘણી સંસ્થાઓ પુસ્તકોના પુનર્મુદ્રણાદિ કરે છે. જે યોગ્ય છે, પણ તેઓનું કોઇપણ રીતે કોમ્યુનીકેશન સધાવું જરૂરી છે, કે જેથી એક જ પ્રકારના ગ્રંથોના પુનર્મુદ્રણાદિ થવા દ્વારા થતા સમય, શક્તિ અને જ્ઞાનદ્રવ્યના વ્યય અટકી શકે.

(૫) વર્ષે દહાડે કેટકેટલીયે અનુપયોગી કે અલ્પ ઉપયોગી પુસ્તકો છપાતી રહે છે ને ગૃહસ્થોના ઘરોમાં તેના ભરાવા થતા રહે છે.'આશાતના નિવારણ અભિયાન' દરમ્યાન આવા પુસ્તકાદિ ઉઘરાવતા જથ્થાબંધ પુસ્તકો એકઠી થાય છે. મોટા શહેરોમાં જૈન યુવા ગ્રુપ એવા હોય કે આવા ઉઘરાવેલા પુસ્તકો જ્યાં જે યોગ્ય હોય તે પહોંચાડવા દ્વારા શ્રુતભક્તિ કરે.કોઇ સક્રીય પૂજ્ય ગુરૂદેવોના માર્ગદર્શનમા આ કાર્ય થાય.

(૬) અન્યાન્ય ગચ્છ, પંથ, સમુદાયાદિના પણ સર્વગ્રાહી પ્રકાશનોથી સર્વ વિદ્વાનો માહીતગાર રહી શકે એ જરૂરી હોય છે. જેથી જ્ઞાનનું, સંશોધનનું સ્તર ઉંચુ આવે. એ માટે યોગ્ય વ્યવસ્થા વિચારવી જોઇએ.

(૭) જૈન સંઘમાં ન્યાય વ્યાકરણના અભ્યાસ માટે છેક બનારસથી પંડિતો બોલાવીને અહીં સંઘને ખર્ચે તૈયાર કરાય છે. જ્યારે જે જિનશાસનનું વાર્ષિક બજેટ જિનમંદિર અને જિનમૂર્તિ એ બે ક્ષેત્રનું ૭૦% જેટલું છે. ત્યારે એના પૂરક છતાં અણખેડાયેલા 'શિલ્પ'ના વિષયની ઉપેક્ષા કેમ થઇ રહી છે. એ પણ વિચારણીય છે.

લી. શ્રી સંઘચરણોપાસક શાહ બાબુલાલ સરેમલ

# નવા પ્રકાશનો સંવત-૨૦૬૬ ઇ.સ.-૨૦૧૦

| ક્રમ | પ્રકાશિત ગ્રંથ | કર્તા/ટીકા/સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | અધ્યાત્મોપનિષદ્ સટીક | પૂ.ભદ્રંકરસૂરિજી | ગુજ. | લબ્ધિભુવન જૈન સાહિત્ય |
| ૨ | અનુસંધાન-૫૨ | પૂ.શીલચંદ્રસૂરિજી | સં | હેમચંદ્રાચાર્ય નવમશતાબ્દિ |
| ૩ | સમકિતના સડસઠ બોલની સજ્ઝાયની વાંચનાના અંશો | પૂ.ચંદ્રગુપ્તસૂરિજી | ગુજ. | અનેકાંત પ્રકાશન |
| ૪ | શ્રી શાંતિનાથ ચરિત્ર | પૂ.શ્રેયાંસચંદ્રસૂરિજી | હિ. | કુંથુનાથ જૈન મંદિર |
| ૫ | વિંશતિ વિંશિકા પુનઃમુદ્રણ | પૂ.કુલચંદ્રસૂરિજી | સં | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૬ | અધ્યાત્મવાણી પુનઃમુદ્રણ | પૂ.પં.મુક્તિચંદ્રવિ. | હિ. | ચિંતામણી પા.મંદિર |
| ૭ | કચ્છ વાગડના કર્ણધારો | પૂ.પં.મુક્તિચંદ્રવિ. | ગુજ. | શાંતિજિન આ.મંડળ |
| ૮ | વસન્તવિલાસમહાકાવ્યમ્ | સા.ચંદનબાલાશ્રીજી | સં-ગુ | શ્રી ભદ્રંકર પ્રકાશન |
| ૯ | કિર્તી કૌમુદી કાવ્ય | " | સં-ગુ | શ્રી ભદ્રંકર પ્રકાશન |
| ૧૦ | સુકૃત કિર્તી કલ્લોલિન્યાદિ કાવ્ય | " | સં-ગુ | શ્રી ભદ્રંકર પ્રકાશન |
| ૧૧ | મનના ગઢ રહસ્યો | પૂ.ભવ્યદર્શન વિ. | ગુજ. | ------- |
| ૧૨ | જયવંતસૂરિજીની ૬ કૃતિઓ | શ્રી જયંત કોઠારી | ગુજ. | ગુર્જર ગ્રંથ રત્ન |
| ૧૩ | શ્રી નેમીનાથ ચરિત્ર | પૂ. જયાનંદવિજયજી | હિ. | ગુરુ રામચંદ્ર પ્રકાશન |
| ૧૪ | શ્રી તિર્થંકર ચરિત્ર | પૂ. જયાનંદવિજયજી | હિ. | ગુરુ રામચંદ્ર પ્રકાશન |
| ૧૫ | ગુરુગુણ રત્નાકર કાવ્ય | પં.જયદર્શન વિ. | સં | જિનાજ્ઞા પ્રકાશન |
| ૧૬ | સચ્ચિત્ત પયરણં | પં.જયદર્શન વિ. | સં-ગુ | જિનાજ્ઞા પ્રકાશન |
| ૧૭ | આચારોપદેશ ગ્રંથ | પૂ.તત્વપ્રભ વિ. | ગુજ. | જિનપ્રભસુરિ ગ્રંથમાલા |
| ૧૮ | ભક્તામર સ્તોત્ર મહાકાવ્ય | પં. યુગચંદ્રવિજયજી | સં | શ્રી ભદ્રંકર પ્રકાશન |
| ૧૯ | ટોર્ચનો પ્રકાશ | પૂ. રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયીટ્રસ્ટ |
| ૨૦ | સમજી ગયો છું | " | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૨૧ | વંદનીય સંઘર્ષ | " | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૨૨ | પાથેય | " | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૨૩ | પોપટ આકાશમાં, માણસ પિંજરામાં | " | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૨૪ | શ્રીમાન લૌંકાશાહ (પુનઃમુદ્રણ) | પૂ.જ્ઞાનસુંદરજી | હિ. | ------- |
| ૨૫ | લૌંકાગચ્છ ઔર સ્થા.વાસી( પુ.મુ) | પૂ. કલ્યાણવિજયજી | હિ. | ------- |
| ૨૬ | જૈન ધર્મનું અજોડ કર્મ વિજ્ઞાન | પૂ. કલ્પરત્ન વિ. | ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૨૭ | દિશાથી અટકો ભવમાં નવ ભટકો | " | ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૨૮ | ક્રિયામાં મસ્તી હટાવે મનની સુસ્તી | " | ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૨૯ | સાંકડું મન સંતાપનું કારણ | " | ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૩૦ | વાત્સલ્ય | પૂ.ધનંજય વિજયજી | ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૩૧ | ભાવપ્રતિક્રમણ ભાગ-૧ | પં.રત્નસેનવિજયજી | હિ. | દિવ્ય સંદેશ પ્રકાશન |
| ૩૨ | ભાવપ્રતિક્રમણ ભાગ-૨ | પં.રત્નસેનવિજયજી | હિ. | દિવ્ય સંદેશ પ્રકાશન |
| ૩૩ | અજવાળાના અવતરણ | પૂ.રાજરત્નસૂરિજી | ગુજ | ધર્મ કૃપા ટ્રસ્ટ |
| ૩૪ | મહાવીર જીવન ચરિત્ર | શ્રી નિરંજન ત્રિવેદી | ગુજ | સદ્‌ગુણા નિરંજનભાઇ |
| ૩૫ | અચલગચ્છા.પંચવિશતિ સ્તોત્રાણી | પૂ.સર્વોદયસાગરજી | સં. | ચારિત્ર રત્ન ફાઉન્ડેશન |
| ૩૬ | ભુવનભાનુ એનસાઇક્લોપીડીયા ભા- ૧થી૧૦(દિવ્યદર્શન અગ્રલેખામૃત) | પૂ.ભુવનભાનુસૂરિજી | ગુજ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |

## સરસ્વતીપુત્રોને વંદના

### શ્રી ભુવનભાનુસુરિજી જન્મશતાબ્દી નિમિત્તે રજુ થનારા નજરાણા
### (પ.પૂ. આ. શ્રીમદ્વિજય હેમચંદ્રસૂરીશ્વરજી ના શિષ્ય પ.પૂ.આ.દે.શ્રીમદ્ વિજય કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.સા )

(૧) જૈનં જયતિ શાસનમ્બુદ્ધિજીવીઓને અવિશ્વનીય જૈન સિદ્ધાંતોની આધુનિક પ્રસંગો દ્વારા સિધ્ધિ
(૨) આજ આનંદ ભયો — અંજનશલાકા પ્રતિષ્ઠા પ્રસંગે સ્ટેજ-પ્રોગ્રામ માટે પર્યાપ્ત આલંબન
(૩) વ્યાખ્યોપનિષદ્ — અદ્યાવધિ અમુદ્રિત આગમ વિવાહ ચૂલિકા પર નૂતન સંસ્કૃત
(૪) રત્નાકરપંચવિંશતિકા — અનેક હસ્તાદર્શો દ્વારા(અદ્યાવધિ અમુદ્રિત)પ્રાચીન ટીકાનું સં-સંપા
(૫) અર્હત પ્રવચન — પ્રાચીન તાડપત્રી પરથી સં.-સંપા. કરી પ્રથમવાર મુદ્રિત થતાં ગ્રંથો
(૬) અવધૂતોપનિષદ્ — અવધૂતગીતા ગ્રંથની અદ્ભુત સૂક્તિઓ પર નૂતન સંસ્કૃત વૃત્તિ
(૭) પંચકોપનિષદ્ — શ્રી હરિભદ્રસૂરિ મહારાજા કૃત (અદ્યાવધિ-અમુદ્રિત ગ્રંથ) જ્ઞાનપંચક વિવરણ
(૮) બ્રહ્મોપનિષદ્ — સંભવતઃ શ્રી હરિભદ્રસૂરિ મહારાજા કૃત બ્રહ્મસિદ્ધાન્ત સમુચ્ચય ગ્રંથ પર નૂતન સંસ્કૃત

### પૂ.આ.શ્રી ગુણરત્નસૂરીશ્વરજી / પૂ.આ.શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી

(૧) બંધશતક (મૂળ ગ્રંથ) — પૂર્વધર કર્તા શ્રી શિવશર્મસૂરિજી
(૨) બંધશતક (ચૂર્ણિ) — કર્તા પૂર્વાચાર્ય
(૩) બંધશતક (વૃત્તિ) — મલધારિશ્રી હેમચંદ્રસૂરિજી
(૪) બંધશતક (ચૂર્ણિ વિષમપદ ટિપ્પણ) — સહસ્રાવધાની શ્રીમુનિચંદ્રસૂરિજી
(૫) બંધશતક (બૃહદ્ ભાષ્ય) — પૂ.ચક્રેશ્વરસૂરિજી
(૬) બંધશતક (મૂળ ટિપ્પણ) — પૂ.ઉદયપ્રભસૂરિજી
(૭) બંધશતક (લઘુ ભાષ્ય) — અજ્ઞાત
(૮) બંધશતક (ચૂર્ણિવૃત્તિ -અનુવાદ) — અજ્ઞાત

### પ.પૂ. અજીતશેખરસૂરીશ્વરજી મ.સા. (પૂ. અભયશેખરસૂરરિજી ના શિષ્ય)

(૧) નંદીસૂત્ર — વિષમપદ ટિપ્પણ સહ
(૨) ધર્મ સંગ્રહણી ભાગ-૧,૨
(૩) અગડદત્તમુનિ ચરિત્ર — ગુજરાતી
(૪) નમસ્કાર મહામંત્ર — ચિંતન

---

### પૂ.આ.જગદ્ચંદ્રસૂરિજી મ.સા.(પૂ.રામસૂરિજી ડહેલાવાળા સમુદાય)

(૧) સિધ્ધહેમશબ્દાનુશાસનમ્ અધ્યાય-૩ પાદ-૪

### પૂ.પં.મુક્તિચંદ્રવિજયજી /પૂ.પં.શ્રી મુનીચંદ્રવિજયજી (પૂ.આ.કલાપૂર્ણસૂરિજીના શિષ્ય)

(૧) સંવેગ રંગશાળા (પાકૃત) — સંસ્કૃત છાયા સાથે
(૨) દ્વયાશ્રયમહાકાવ્યમ્ — ગુજરાતી અનુવાદ

### પૂ.શ્રી જયાનંદવિજયજી (પૂ.આ.શ્રી રાજેન્દ્રસૂરિજી ત્રિસ્તુતિક સમુદાય)

(૧) પૃથ્વીચંદ્ર ગુણસાગર ચરિત્ર — રૂપવિજયજી ગણિ વિરચિત
(૨) સૂયગડાંગ સૂત્ર સટીક — ભાષાંતર સાથે

# શ્રી ભુવનભાનુસુરિ જન્મશતાબ્દી નિમિત્તે પ.પૂ. આ. શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી ની પ્રેરણાથી શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ દ્વારા સેંકડો વર્ષો સુધી ચાલે એવા કિંમતી કાગળો ઉપર પુનઃમુદ્રણ થનારા ગ્રંથો

| ક્રમ | પ્રકાશિત ગ્રંથ | કર્તા | ટીકાકાર |
|---|---|---|---|
| ૧ | અષ્ટક પ્રકરણ | પૂ. શ્રી હરિભદ્રસૂરિજી | પૂ. જિનેશ્વરસૂરિજી |
| ૨ | ઉપદેશ પદ - ૧,૨ | " | પૂ. મુનિચંદ્રસૂરિજી |
| ૩ | જંબૂદ્વિપ સંગ્રહણી | " | પૂ. પ્રભાનંદસૂરિજી |
| ૪ | ધર્મ બિંદુ | " | પૂ. મુનિચંદ્રસૂરિજી |
| ૫ | નંદિસૂત્ર વૃતિ | " | પૂ. હરિભદ્રસૂરિજી |
| ૬ | પંચવસ્તુક | " | સ્વોપજ્ઞ વૃત્તિ સાથે |
| ૭ | પંચાશક | " | પૂ. અભયદેવસૂરિજી |
| ૮ | પ્રશમરતિ વૃતિ | " | પૂ. હરિભદ્રસૂરિજી |
| ૯ | વેદાંકુશ | " | ------- |
| ૧૦ | શ્રાવક ધર્મવિધિ પ્રકરણ | " | પૂ. માનદેવસૂરિજી |
| ૧૧ | ષટ્દર્શન સમુચ્ચય | " | પૂ. ગુણરત્નસૂરિજી |
| ૧૨ | ષોડશક | " | મહો. યશોવિજયજી |
| ૧૩ | સંબોધ પ્રકરણ | " | ------- |
| ૧૪ | સમરાઇચ્ચકહા ભાગ-૧,૨ | " | ------- |
| ૧૫ | સમ્યક્ત્વ સપ્તતિ | " | પૂ. સંઘતિલકસૂરિજી |
| ૧૬ | લલિતવિસ્તરા | " | અજ્ઞાતકૃત ટિપ્પણ |
| ૧૭ | વિંશતિવિંશિકા | " | ------- |
| ૧૮ | તત્વાર્થ વૃતિ | " | ------- |
| ૧૯ | આદ્ય પંચાશક | " | પૂ. યશોદેવસૂરિ કૃત ચૂર્ણિ |
| ૨૦ | ધર્મસંગ્રહણી | " | પૂ. મલયગિરિસૂરિજી |
| ૨૧ | અધ્યાત્મકલ્પદ્રુમ | પૂ. મુનિસુંદરસૂરિજી | ------- |
| ૨૨ | ત્રૈવિદ્ય ગોષ્ટિ | પૂ. મુનિસુંદરસૂરિજી | ------- |
| ૨૩ | પંચ નિગ્રંથી | નવાંગી વૃત્તિકાર | ------- |
| ૨૪ | પ્રજ્ઞાપનોપાંગ તૃતિયપદસંગ્ર. | પૂ. અભયદેવસૂરિજી | ------- |
| ૨૫ | પ્રમાણ મિમાંસા | ક. સ. પૂ. હેમચંદ્રાચાર્ય | ------- |
| ૨૬ | સેન પ્રશ્ન | પૂ. સેનસૂરિજી | ------- |
| ૨૭ | હીર પ્રશ્ન | પૂ. હીરસૂરિજી | ------- |
| ૨૮ | પ્રશમરતિ | શ્રી ઉમાસ્વાતિજી | અજ્ઞાત અવચૂરિકાર |
| ૨૯ | પુષ્પમાલા | શ્રી મલધારી હેમચંદ્રાચાર્ય | સ્વોપજ્ઞ ટીકા |
| ૩૦ | ધર્મસંગ્રહ ભાગ-૧, ૨ | ઉપા. શ્રી માનવિજયજી | ------- |
| ૩૧ | ધર્મરત્ન પ્રકરણ ભાગ-૧,૨ | પૂ. શાન્તિસૂરિજી | ------- |
| ૩૨ | ધર્મ કલ્પદ્રુમ | પૂ. ઉદયધર્મ ગણિ | ------- |
| ૩૩ | કુમારપાળ ચરિત્ર | પૂ. જયસિંહસૂરિજી | ------- |
| ૩૪ | ચંદ્રરાજ ચરિત્ર | પૂ. અજિતસાગરસૂરિજી | ------- |
| ૩૫ | શ્રીપાલ ચરિત્ર | પૂ. કુમુદચંદ્રસૂરિજી | ------- |

# પ્રાય અપ્રાપ્ય ૫૦-૬૦ વર્ષ પૂર્વે મુદ્રિત પુનર્મુદ્રણ યોગ્ય ગ્રંથોની યાદિ

| ક્રમ | પ્રકાશિત ગ્રંથ | કર્તા/ટીકા/સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | કલ્પસૂત્ર સદેહ વિષૌષધિ | પૂ. જિનપ્રભવિજયજી | સં. | હીરાલાલ હંસરાજ |
| ૨ | કલ્પસૂત્ર સદેહ કલ્પ દિપીકા | પૂ. જયવિજયજી | સં. | મફતલાલ ઝવેરચંદ |
| ૩ | રાજ પ્રશ્નિય સૂત્ર વૃત્તિ | પૂ.મલયગિરિજી | સં. | આગમોદય પ્રકાશન |
| ૪ | પ્રજ્ઞાપના સૂત્ર સંગ્રહણી | પૂ. અભયદેવસૂરિજી | સં. | જૈન આત્માનંદ સભા |
| ૫ | પિંડ વિશુધ્ધિ વૃત્તિ | પૂ. ઉદયસિંહસૂરિજી | સં. | જિનદત્તસૂરિ ગ્રંથમાળા |
| ૬ | ગચ્છાચાર પ્રકરણ વૃત્તિ | પૂ. વિમલવિજય ગણિ | સં. | દયાવિમલ ગ્રંથમાળા |
| ૭ | ઐન્દ્ર સ્તુતિ ચતુર્વિંશતિકા | મહો. યશોવિજયજી | સં. | યશોવિજયજી ગ્રંથમાળા |
| ૮ | કહા રયણ કોષો | પૂ. પૂણ્યવિજયજી | સં. | જૈન ધર્મ પ્રસારક સભા |
| ૯ | સૂત્રાર્થ મુક્તાવલી | પૂ. લબ્ધિસૂરિજી | સં. | લબ્ધિસૂરિજી ગ્રંથમાળા |
| ૧૦ | દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા | પૂ. લાવણ્યસૂરિજી | સં. | લાવણ્યસૂરિજી ગ્રંથમાળા |
| ૧૧ | તત્વાર્થાધિગમસૂત્ર ગુઢાર્થ દિપીકા | પૂ. દર્શનસૂરિજી | સં. | જિનદાસ ધર્મદાસ પેઢી |
| ૧૨ | તત્વાખ્યાન (પૂર્વાર્ધ) | પૂ. મંગલવિજયજી | સં. | યશોવિજયજી ગ્રંથમાળા |
| ૧૩ | શ્રાવક ધર્મ વિવરણ | પૂ. ચતુરવિજયજી | સં. | જૈન આત્માનંદ સભા |
| ૧૪ | સ્યાદવાદ્ રત્નાકર - ૧ | પૂ. વાદિદેવસૂરિજી | સં. | મોતીલાલ લાધાજી |
| ૧૫ | સ્યાદવાદ્ રત્નાકર - ૨ | પૂ. વાદિદેવસૂરિજી | સં. | મોતીલાલ લાધાજી |
| ૧૬ | સ્યાદવાદ્ રત્નાકર - ૩ | પૂ. વાદિદેવસૂરિજી | સં. | મોતીલાલ લાધાજી |
| ૧૭ | સ્યાદવાદ્ રત્નાકર - ૪ | પૂ. વાદિદેવસૂરિજી | સં. | મોતીલાલ લાધાજી |
| ૧૮ | સ્યાદવાદ્ રત્નાકર - ૫ | પૂ. વાદિદેવસૂરિજી | સં. | મોતીલાલ લાધાજી |
| ૧૯ | શ્રી હેમબૃહદ્ પ્રક્રિયા(મહા વ્યાક.) | શ્રી ગિરજાશંકર શાસ્ત્રી | સં. | યશોભારતી પ્રકાશન |
| ૨૦ | વિધિ માર્ગ પ્રપા. | પૂ. જિનવિજયજી | સં. | જિનદત્તસૂરિજી જ્ઞાનભંડાર |
| ૨૧ | પુરાતન જૈન વાક્ય સૂચી | શ્રી જુગલકિશોર મુખ્તાર | પા./સં. | વીર સેવા મંદિર |
| ૨૨ | ન્યાય કુમુદચંદ્ર ભાગ-૧ | શ્રી મહેન્દ્રકુમાર શાસ્ત્રી | સં. | માણિકચંદ દિ. ગ્રંથમાળા |
| ૨૩ | ન્યાય કુમુદચંદ્ર ભાગ-૨ | શ્રી મહેન્દ્રકુમાર શાસ્ત્રી | સં. | માણિકચંદ દિ. ગ્રંથમાળા |
| ૨૪ | સિદ્ધી વિનિશ્ચય ભાગ-૧ | શ્રી મહેન્દ્રકુમાર જૈન | સં. | ભારતીય જ્ઞાનપીઠ |
| ૨૫ | સિદ્ધી વિનિશ્ચય ભાગ-૨ | શ્રી મહેન્દ્રકુમાર જૈન | સં. | ભારતીય જ્ઞાનપીઠ |
| ૨૬ | સર્વાર્થ સિધ્ધિ | શ્રી પૂજ્યપાદ | સં. | ભારતીય જ્ઞાનપીઠ |
| ૨૭ | ન્યાય વિનિશ્ચય ભાગ-૧ | વાદિ રાજસૂરિજી | સં. | ભારતીય જ્ઞાનપીઠ |
| ૨૮ | ન્યાય વિનિશ્ચય ભાગ-૨ | વાદિ રાજસૂરિજી | સં. | ભારતીય જ્ઞાનપીઠ |
| ૨૯ | રાજ વાર્તિક ભાગ-૧ | અકલંક દેવ | સં. | ભારતીય જ્ઞાનપીઠ |
| ૩૦ | રાજ વાર્તિક ભાગ-૨ | અકલંક દેવ | સં. | ભારતીય જ્ઞાનપીઠ |
| ૩૧ | અવયવ પ્રકરણ | શ્રી જ્વાલાપ્રસાદ ગૌડ | સં. | ચૌખમ્ભા સં. સીરીઝ |
| ૩૨ | અલંકાર સાર મંજરી | શ્રી નારાયણ શાસ્ત્રી | સં. | ચૌખમ્ભા સં. સીરીઝ |
| ૩૩ | સામાન્ય લક્ષણ | શ્રી કૌશિકાનંદ મહારાજ | સં. | ચૌખમ્ભા સં. સીરીઝ |
| ૩૪ | સત્પ્રતિપક્ષ(ગાદાધારી ટીકા) | શ્રી જ્વાલાપ્રસાદ ગૌડ | સં. | ચૌખમ્ભા સં. સીરીઝ |
| ૩૫ | અવચ્છેદક નિરુક્તિ | શ્રી રઘુનાથ શિરોમણી | સં. | સુદર્શન પ્રેસ કાંચી |
| ૩૬ | સામાન્ય નિરુક્તિ પ્રકરણ | શ્રી ગદાધર ભટ્ટાચાર્ય | સં. | ચૌખમ્ભા સં. સીરીઝ |

# શ્રુતજ્ઞાનના ક્ષેત્રે વિશિષ્ટ કાર્યરત સંસ્થાઓની હાર્દિક અનુમોદના

પૂજ્ય ગુરૂભગવંતોની પ્રેરણા અને આશીર્વાદથી ચાલતી પ્રકાશન સંસ્થાઓ કે જે વિષિષ્ટ કક્ષાનું શ્રુતભક્તિનું કાર્ય કરી રહી છે. અને પોતાના પ્રકાશનો તથા સંગ્રહીત માહિતિ ખૂબ જ ઉદારતાપૂર્વક સ્વખર્ચે જ્ઞાનભંડારોને તથા સ્વપર સમુદાયના ભેદ વગર સર્વ મહાત્માઓને સપ્રેમ પૂરી પાડે છે. તેની હાર્દિક અનુમોદના કરીએ છીએ. તન-મન અને ધનનો સહયોગ આપતા તેના ટ્રસ્ટી મંડળની પણ ભાવથી અનુમોદના કરી છીએ. તથા તેમના શ્રુતકાર્યો રજુ કરવા પૂર્વક ભવિષ્યમાં હજી વધુ ને વધુ કાર્ય કરે તેવી હાર્દિક અપેક્ષા સાથે તેમની અંતરથી અનુમોદના કરીએ છીએ.

**(૧) જિનશાસન આરાધના ટ્રસ્ટ :- પાટણ, - મુંબઇ. પ્રેરક : પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા.**

(અ) હસ્તપ્રતો ઉપરથી સંશોધન-સંપાદન કરીને અપ્રગટ ગ્રંથોને પ્રકાશમાં લાવે છે.

(બ) આજ સુધીમાં ૩૫૦ થી પણ અધિક પ્રાયઃ અપ્રાપ્ય અને જુના મુદ્રિત ગ્રંથોને ફરીથી મુદ્રિત કરી ૩૫૦ થી અધિક જ્ઞાનભંડારો તથા સાધુ-સાધ્વીજી ને ભેટ મોકલ્યા છે.

(ક) તાડપત્ર ઉપર હસ્તલેખન કરાવવા દ્વારા આપણો વારસો ભાવિ પેઢી માટે સાચવવાનું ઉત્કૃષ્ટ કાર્ય કરે છે.

(ડ) સર્વ આગમગ્રંથો (પંચાંગી) તથા અન્ય પણ અગત્યના ગ્રંથોને અતિકિંમતિ અને ટકાઉ વિશિષ્ટ કાગળો પર વિશિષ્ટ શાહીથી પ્રીન્ટ કરાવીને લઘુત્તમ ૭૦૦ થી ૮૦૦ વર્ષ સુધી આ શ્રુતવારસો ટકાવવાનું ભગીરથ કાર્ય કરી રહ્યા છે. તથા વિશિષ્ટ ઉત્તમ જ્ઞાનભંડારોને તે ભેટ મોકલ્યા છે.

(ઇ) પાટણ અને પાલીતાણામાં આવેલ વિશાલ જ્ઞાનભંડારોમાંથી પુસ્તક-પ્રતો ઉદારતાપૂર્વક પૂજ્યોને આપે છે તથા સાધુ-સાધ્વીજી ભગવંતના અભ્યાસ માટે જ્ઞાનશાળા ચલાવે છે.

**(૨) આચાર્ય કૈલાશસાગરસૂરિજી જૈન જ્ઞાનભંડાર :- કોબા,**
**પ્રેરક : પ.પૂ.રાષ્ટ્રસંત આચાર્યશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા.**

(અ) વિશાળ જ્ઞાનભંડારમાંથી બધા જ સુમદાયના સાધુ-સાધ્વીજી તેમજ જ્ઞાની પંડિતોને જરૂર મુજબ પુસ્તકો-પ્રતો અભ્યાસ માટે આપે છે.

(બ) વિશાળ સંખ્યામાં રહેલા હસ્તપ્રતો, માઇક્રોફીલ્મ તેમજ સ્કેનીંગ કરેલ હસ્તપ્રતોની ડીવીડી, ઝેરોક્ષમાંથી પૂજ્ય ગુરૂભગવંતોને ઉદારતા પૂર્વક સંશોધનો માટે ઝેરોક્ષ નકલો પૂરી પાડે છે.

(ક) સૌથી અદ્યતન કોમ્પ્યુટર પ્રોગ્રામમાં ડેટામાંથી જરૂરી વિગતો બધા જ પૂજ્યોને ખૂબ જ ઉદારતા પૂર્વક આપે છે.

(ડ) પૂ.ભદ્રગુપ્તસૂરિજી લેખીત શ્રી વિશ્વકલ્યાણ પ્રકાશન ટ્રસ્ટના પુસ્તકોનું પુનઃપ્રકાશન તેમજ તેમના સમુદાયના પુસ્તકોનું પ્રકાશન કાર્ય કરે છે.

**(૩) શ્રી દિવ્ય દર્શન ટ્રસ્ટ :- ધોળકા-અમદાવાદ. પ્રેરક : પ.પૂ.યુગપ્રભાવક ગચ્છાધિપતિ આ.શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.**

તેઓના સમુદાયના બધા જ પૂજ્યોના ગ્રંથો-પુસ્તકો પ્રકાશન કરે છે. તેમજ બધા જ સાધુ-સાધ્વીજી તથા જ્ઞાનભંડારોને ભેટ મોકલાવે છે. તેઓના સ્ટોકમાં રહેલ પુસ્તકો પણ સ્વખર્ચે માંગણી આવેથી ત્વરિત મોકલે છે.

## (૪) કમલ પ્રકાશન ટ્રસ્ટ :- પ્રેરક : પૂ.પં.શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.

પૂજ્ય ગુરૂભગવંતોને અભ્યાસ માટે ઉપયોગી આગમગ્રંથો ભાષાંતર સહિત તેમજ ન્યાયના ગ્રંથો વિવેચન સહિત પ્રકાશિત કરીને બધા જ જ્ઞાનભંડારો અને સાધુ-સાધ્વીજી ભગવંતોને નિશુલ્ક આપે છે.

## (૫) શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ :- પ્રેરક : પૂ.આ.શ્રી રાજશેખરસૂરિજી મ.સા.

પૂજ્ય ગુરૂભગવંતોને ઉપયોગી પ્રકરણ ગ્રંથો વિવેચન ભાવાનુવાદ સહિત પ્રકાશિત કર્યા છે અને બધા જ સાધુ-સાધ્વીજી તેમજ જ્ઞાનભંડારોને નિશુલ્ક પોતાના ખર્ચે પોસ્ટથી મોકલે છે.

## (૬) શ્રી ભદ્રંકર પ્રકાશન :- પ્રેરક : પૂ.પં.શ્રી વજ્રસેનવિજયજી મ.સા

અભ્યાસ ઉપયોગી સંસ્કૃત બુક તેમજ કાવ્ય ગ્રંથો સંસ્કૃત તેમજ ભાષાંતર સહિત પ્રકાશન કરીને તથા અન્ય ઉપયોગી ઉપમિતિ આદિ ગ્રંથો પ્રકાશિત કરીને પૂજ્યોને તેમજ જ્ઞાનભંડારોને નિશુલ્ક આપે છે.

## (૭) શ્રી વર્ધમાન શ્રુતગંગા ટ્રસ્ટ :- પ્રેરક : પૂ.આ.શ્રી પૂર્ણચંદ્રસૂરિજી મ.સા.

આપણા આગમગ્રંથો અને પ્રકરણ ગ્રંથોને વિશાળ પાયે હસ્તલેખન કરીને ભાવિ પેઢીને ઉપલબ્ધ બને તે માટે જુદા જુદા સ્થળોએ સંગ્રહ સ્થાન બનાવી રહ્યા છે. અને શ્રી શંખેશ્વરમાં શ્રુતમંદિરનું ભવ્ય આયોજન કરેલ છે.

## (૮) સન્માર્ગ પ્રકાશન :- પ્રેરક : પૂ.આ.શ્રી કીર્તિયશસૂરિજી મ.સા.

સમુદાયના પૂજ્યોના આગમ અને બીજા ગ્રંથો-પુસ્તકોનું પ્રકાશન કરે છે અને બધા જ સાધુ-સાધ્વીજી અને જ્ઞાનભંડારોને ભેટ આપે છે.

<u>તા.ક :-</u> આવી અન્યને પણ અનેક સંસ્થાઓ હશે જ, તો આપના ખ્યાલમાં હોય તેવી અનુમોદનીય અન્ય સંસ્થાઓની વિગત મોકલવા યોગ્ય કરશો.

---

<u>સુધારો :-</u>

અંક-૬ માં છપાયેલ લુપ્ત થયેલા ગ્રંથો પૈકી નીચેના ગ્રંથો પ્રકાશિત છે.

(૧) સિધ્ધાંત મંજરી ટીકા-અપૂર્ણ - યશોભારતી પ્રકાશનથી પ્રકાશિત થયેલ છે.

(૨) આત્મખ્યાતિ ગ્રંથ - પૂ.યશોદેવસૂરિજી સંપાદિત નવગ્રંથી નામના પુસ્તકમાં આ ગ્રંથ પ્રકાશન થયેલ છે.

અંક-૭ માં નૂતન પ્રકાશિત ગ્રંથોમાં નીચે મુજબ સુધારો છે.

(૯) શ્રી ભક્તામર સ્તોત્ર મહાકાવ્ય - લેખક-પૂ.પં.શ્રી યુગચંદ્રવિજયજી મ.સા. - સં.

(૧૬) શોભન સ્તુતિ ભાગ - ૧- લેખક- પૂ.મુનિરાજ શ્રી હિતવર્ધનવિજયજી મ.સા.

(૧૭) શોભન સ્તુતિ ભાગ - ૧- લેખક- પૂ.મુનિરાજ શ્રી હિતવર્ધનવિજયજી મ.સા.

(૧૮) સમ્યક્ત્વ પ્રકરણ(બોધિપતાકા ટીકા)- લેખક- પૂ.મુનિરાજ શ્રી હિતવર્ધનવિજયજી સં/ગુજ.

પૂજ્ય ગુરૂભગવંતોએ ભુલ સુધારણા મોકલાવી તે માટે ઋણી છીએ.

---

નોટ : આગામી અંકમાં હસ્તલિખિત ગ્રંથો પૈકી જે પણ હજુ સુધી અપ્રગટ હોય, લિપ્યંતરણ યોગ્ય હોય એવા ગ્રંથોની યાદિ અમો પ્રકાશીત કરીશું. આપના ધ્યાનમાં આવા જે પણ વિશિષ્ટ હસ્તલિખિત ગ્રંથો અને તેનું પ્રાપ્તિ સ્થાન હોય તો તે જણાવવા વિનંતિ છે. આવી હસ્ત લિખિત ગ્રંથોની સ્કેન કરેલી ડીવીડી હોય તો અમારો સંપર્ક કરશો. અમો તે ડીવીડી ઉપરથી જે પણ પૂજ્યોને ઝેરોક્ષ નકલની જરૂર હશે તેમને સમુદાય ગચ્છના ભેદ વગર ઉદારતાપૂર્વક માંગણી આવેથી સાત દિવસમાં પૂરી પાડીશું.

## લાભ સવાયા દેજો...... શ્રુતજ્ઞાનને વંદન હોજો.....

- આપને ત્યાં રહેલ હસ્તલિખિત જ્ઞાનભંડારને સુરક્ષિત કરવા માટે સ્કેન કરાવીને (પીડીએફ) ફાઇલ બનાવી લેવી જરૂરી છે. આપ આ કાર્ય કરી શકો તે ઉત્તમ છે. અન્યથા અમે પણ તેની વ્યવસ્થા કરાવી આપીશું આ બાબત આપને કોઇપણ જાતનો ખર્ચ કરવાનો રહેશે નહીં, તેમ છતાં તે ગ્રંથની એક ડીવીડી આપને ત્યાં પણ રહેશે તો આ કાર્ય માટે ખાસ સેવાનો લાભ આપવા વિનંતિ.
- પ્રાયઃ અપ્રાપ્ય અને પુનર્મુદ્રણ યોગ્ય એવા તથા અભ્યાસ ઉપયોગી ગ્રંથો, જે સંશોધન-સંપાદન-લિપ્યંતરણ, ભાષાંતરણાદિ કરવાની જરૂર હોય તેની વિગત મોકલવા કૃપા કરશોજી. જેથી એ વિગતો અમે આ કાર્ય કરતા પૂજ્ય ગુરૂભગવંતો ને પહોંચાડી શકીએ. આ રીતે માહિતિના આદાન-પ્રદાનથી સમયોચિત સંપાદન-પ્રકાશનો દ્વારા શ્રી જિન સંઘને મહત્તમ લાભ થાય.
- "અહો શ્રુતજ્ઞાન્મ્" માં અમે શ્રુતજ્ઞાન સંબંધી વિગતો છાપીએ છીએ. આપને શ્રુતજ્ઞાન બાબત કોઇ વિશેષ સૂચન/લેખ વિગેરે હોય તો ખાસ મોકલવા અનુગ્રહ કરશો.
- પૂજ્ય ગુરૂભગવંતોની અસીમકૃપાથી તેઓ દ્વારા જ શ્રુતજ્ઞાન સંબંધી ગ્રંથ પ્રકાશન... અપ્રગટ... અપ્રાપ્ય... સંશોધન-લિપ્યંતરણાદિ યોગ્ય ગ્રંથોની ઘણી બધી માહિતિઓ અમને મળે છે. જે કોઇ પૂજ્યશ્રી ને આ બાબતની વિશેષ જાણકારી જોઇતી હોય તેઓએ અમારા સરનામે પત્ર વ્યવહાર કરવા નમ્ર વિનંતિ છે. ફોન ઉપર આ સંબંધી માહિતિમાં ભુલચૂક થવાની શક્યતા રહેલી છે.
- પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને નમ્ર વિનંતિ છે કે આપને અત્યાર સુધીમાં અમોએ સ્વદ્રવ્યથી મોકલેલ પરિપત્ર ૧ થી ૮ આપના અભ્યાસાદિમાં સહાયક બન્યા હશે. તેમ છતાં આપને આ પરિપત્રની નકલની જરૂર ન હોય તો વધારાના અંકો આપને ત્યાં પડ્યા રહેતા હોય અથવા ગમે ત્યાં રખડતા દેખાય તો એ અંકો અમને પાછા મોકલવા નમ્ર વિનંતિ છે. જેથી બીજા વિદ્વાનની માંગણી સંતોષી શકાય. તેથી તેને પરઠવશો પણ નહીં, પણ પાછા મોકલવા યોગ્ય કરી શકાય.
- આપના જ્ઞાનભંડારોમાં કે પુસ્તક પ્રકાશક સંઘોમાં જ્ઞાનદ્રવ્યથી છપાયેલ પ્રતો-પુસ્તકો સ્ટોકમાં પડ્યા જ રહેતા હોય તો તેની વિગત મોકલવા યોગ્ય કરી શકાય જેથી નવા બનતા-વિકસતા જ્ઞાનભંડારોમાં તેને ઉપલબ્ધ કરવાની કાર્યવાહી વિચારી શકાય.

---

અહો ! શ્રુતજ્ઞાનમ્

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

Rs. 1
Ticket

પ્રકાશક :
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર
ચા. વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હિરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩